ચાર દીવાલો વચ્ચે કરવામાં આવતા અભ્યાસ ક્રમના ક્લાસરૂમ શિક્ષણ ની સાથે સાથે પ્રાયોગિક જ્ઞાન માટે બહાર જઈ ઔદ્યોગિક એકમની રૂબરૂ મુલાકાત લેવી ઘણી જ અનિવાર્ય બની રહે છે જે વિષય વસ્તુને સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજવા મદદરૂપ બને છે ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સિસના બાયોલોજીકલ એન્ડ એન્વિરોન્મેન્ટલ સાયન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા તૃતિય વર્ષ બી એસ. સી. ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ઇન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વિઝિટ અંતર્ગત તેઓએ ભરૂચ એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ (BEIL) ની મુલાકાત લીધી હતી . જ્યાં તેઓએ લેન્ડફિલ સાઈટ , ઈન્સીનરેશન પ્લાન્ટ , પ્લાસ્ટિક રિસાયકલિંગ પ્લાન્ટ અને મલ્ટીપલ ઈફેક્ટ ઇવેપોરેટોર પ્લાન્ટ ની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેઓએ રિસેર્ચ લેબોરેટોરી માં વિવિધ ઇન્સ્ટ્રુમેન્ટ્સની પ્રત્યક્ષ કાર્ય પદ્ધત્તિ નિહાળી હતી. ત્યારબાદ તેઓએ એન્વાયરો ટેક્નોલોજી લિમિટેડ (ETL) ની મુલાકાત લીધી હતી. જ્યાં વિદ્યાર્થીઓને વોટર ટ્રીટમેન્ટ ના વિવિધ તબક્કા નું નિરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. ETL બાદ વિદ્યાર્થીઓ નર્મદા ક્લીન ટેક લિમિટેડ (NCTL) ની મુલાકાત લીધી.

